RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 346* Date: 06.10.2023,Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# આઝાદી પછીની સરકારોએ માત્ર એક જ પરિવારના પગની પૂજા કરી. માત્ર એક પરિવારે દેશને આઝાદી અપાવી નથી.



નવીદિલ્હી,તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનમાં હતાં અને તેમણે અહીં એક જાહેરસભાને સંબોધનમાં જણાવ્યું હતું. આઝાદી પછીની સરકારોએ માત્ર એક જ પરિવારના પગની પૂજા કરી. માત્ર એક પરિવારે દેશને આઝાદી અપાવી નથી. આમાં લાખો લોકોએ બલિદાન આપ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે ભાજપની ડબલ એન્જિન સરકારનો ઉદ્દેશ્ય માત્ર દેશ અને રાજ્યનો વિકાસ કરવાનો છે. અમે તેના હેતુ સાથે આગળ વધી રહ્યા છીએ. ભાજપ સરકાર ગરીબોની સરકાર છે. કેટલાક લોકો ભ્રષ્ટાચાર અને ભત્રીજાવાદના રાજકારણને આગળ વધારવા માટે તમામ પ્રકારની વાતો કરી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યુ કે જે રાજકીય પક્ષ પર માત્ર સ્વાર્થનું વર્ચસ્વ હોય છે તેને ખુરશી સિવાય બીજું કંઈ દેખાતું નથી. ભાજપને ગાળો આપતા આ લોકો દેશનું અપમાન કરવા લાગે છે. મોદીએ કહ્યુ કે જે પાર્ટીએ આઝાદી બાદ લાંબા સમય સુધી દેશમાં સરકાર ચલાવી, તેમણે આદિવાસી સમાજને સન્માન પણ આપ્યું નથી. તેમનું બલિદાન કેમ ભુલાઈ ગયું? ૨૦૧૪ પછી જયારે ભાજપની સરકાર બની ત્યારે અમે આદિવાસી અને આદિવાસી સમાજ માટે કામ કર્યું હતું. અમે આદિવાસી સમાજની મહિલાને દેશની રાષ્ટ્રપતિ બનાવી.

મોદીએ કહ્યુ કે ભારતનો ધ્વજ મેદાનોથી રમતના મેદાન સુધી લહેરાતો રહે છે. દેશના યુવાનો માટે આ સમય છે. તેથી જ આપણે વિશ્વમાં આપણી ઓળખ બનાવી રહ્યા છીએ. ભારતનું ચંદ્રયાન ત્યાં પહોંચ્યું જ્યાં સુધી કોઈ દેશ પહોંચી શક્યો નથી. આ આપણા દેશની તાકાત છે. આપણે માત્ર ચંદ્ર પર જ નથી જઈ રહ્યા, જમીન પર પણ કામ કરી રહ્યા છીએ. ૨ ઓક્ટોબરે દેશભરમાં કરોડો લોકોએ ઝાડુ લઈને સફાઈ કરી. આ દેશના યુવાનોની શક્તિ છે.

પીએમ મોદીએ કહ્યું- મધ્યપ્રદેશ આજે એવા તબક્કે છે જ્યાં વિકાસમાં કોઈ અડચણ અને ઘટાડો નથી. આગામી ૨૫ વર્ષમાં વિકાસની આ ગતિ વધવાની છે. આવનારા સમયમાં આપણું મધ્યપ્રદેશ ગર્વ, ગર્વ અને ગર્વથી ભરપૂર રહેશે. પરંતુ, આ માટે આપણે હવેથી પ્રયાસો કરવા પડશે.

પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૪ પહેલા કોંગ્રેસે દેશને લૂંટ્યો હતો. તેઓ ફક્ત તેમની તિજોરી ભરવામાં વ્યસ્ત હતા. સરકાર બનાવ્યા બાદ અમે કોંગ્રેસની નીતિઓ બદલી. અમે સરકારી કચેરીઓમાંથી ૧૧ કરોડ લોકોના નામ કાઢી નાખ્યા. આ લોકો જન્મ લીધા વિના પણ ગરીબોના પૈસા ખાઈ રહ્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસના લોકો મારા પર ગુસ્સે છે કારણ કે મેં તેમનું કટ (કમિશન) અટકાવ્યું છે. હું ન તો દેશની તિજોરીને લૂંટવા દઈશ અને ન તો કોંગ્રેસના નેતાઓની તિજોરી ભરવા દઈશ.પીએમ મોદીએ કહ્યુ કે જ્યારે આપણી માતાઓ અને બહેનોમાંથી કોઈપણ સ્ટવ પર ખોરાક રાંધે છે, ત્યારે એક દિવસમાં ૪૦૦ સિગારેટ જેટલો ધુમાડો તેમની અંદર જાય છે. ભાજપે માતા-બહેનોને આ ધુમાડામાંથી મુક્ત કર્યા. શું કોંગ્રેસ આ પહેલા ન કરી શકી હોત? પરંતુ, તેમ કરવાનો તેનો કોઈ ઈરાદો નહોતો. હવે કેન્દ્ર સરકાર ઉજ્જવલા યોજનાનું સિલિન્ડર ૬૦૦ રૂપિયામાં આપશે.

# ગાંધીનગર મહાનગરપાલિકાની સીએનસીડી તથા એસ્ટેટ શાખા દ્વારા સરકારી જમીન પર થયેલા ઢોરવાડાના દબાણ દૂર કરવામાં આવ્યા







ગાંધીનગર મહાનગરપાલિકાની સીએનસીડી તથા એસ્ટેટ શાખાની સંયુક્ત ટીમ દ્વારા સરકારી જમીન પર થયેલા ઢોરવાડાના દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં અંદાજિત ૧૦૦૦ વાર સરકારી જગ્યા ખાલી કરાવેલ છે તથા કુલ ૦૫ ઢોર વાડાના દબાણ અને અંદાજે ૭૧ જેટલા પશુઓને હટાવવામાં આવેલ છે. કુડાસણ વિસ્તારમાં ૦૧ ઢોરવાડો તથા અંદાજિત ૩૬ જેટલા પશુઓને હટાવવામાં આવેલ છે. સેક્ટર-૧૩ વિસ્તારમાં કુલ ૦૩ ઢોરવાડા તથા અંદાજિત ૨૦ જેટલા પશુઓ તેમજ સેક્ટર - ૨૯ માં ૦૧ ઢોરવાડો અને અંદાજે ૧૫ જેટલા પશુઓને હટાવવામાં આવેલ છે. ભવિષ્યમાં આ જગ્યા પર દબાણ ન થાય તે માટેની કડક સૂચના આપવામાં આવી છે. મહાનગરપાલિકાની ઢોરવાડાના દબાણ હટાવવાની કાર્યવાહી આગળ પણ ચાલુ રાખવામાં આવશે

## અંબાજી મંદિરના પ્રસાદ બનાવવાની કામગીરી 'સરકારે ચોરના ભાઈ ઘંટી ચોરને કામ સોંપ્યું' : કોંગ્રેસના ધારાસભ્યનો આક્ષેપ

અંબાજી,તા.૫

ગુજરાતમાં અંબાજીએ હિન્દુઓની આસ્થાનું સૌથી મોટું પ્રતિક છે. અંબાજીએ શક્તિની આરાધનાનું સ્થાનક છે. વર્ષોથી અહીં લાખો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શનાર્થે આવે છે. ત્યારે વર્ષોથી અહીં મોહનથાળના પ્રસાદનું વિતરણ કરાય છે. જોકે, મોહનથાળમાં વપરાતા ઘી માં ભેળસેળનો મામલો સામે આવતા ભારે વિવાદ ઉભો થયો છે. અંબાજીમાં પ્રસાદી અંગે થયેલાં ભારે વિવાદ બાદ ગુજરાત સરકારે આ અંગે એક મોટો નિર્ણય લીધો છે. જે અંતર્ગત અંબાજી મંદિરના પ્રસાદ બનાવવાની કામગીરી ટચ સ્ટોન ફાઉન્ડેશન અમદાવાદને છ માસ માટે સોંપવામાં આવી છે. આ અંગે કોંગ્રેસના ધારાસભ્યએ સરકાર સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

દાંતાના કોંગ્રેસના ધારાસભ્ય કાંતિભાઈ ખરાડીએ શ્રી ટચ સ્ટોન ફાઉન્ડેશન ઉપર ગંભીર આક્ષેપ કરતા કહ્યું છે કે મંદિર પ્રશાસને અને વહીવટી તંત્રએ મોહનથાળની પ્રસાદી બનાવવા માટે ચોરને કાઢીને ઘંટી ચોરને કામ સોંપ્યું છે. મોહિની કંપનીએ ભક્તોની આસ્થા અને આરોગ્ય સાથે ચેડાં કર્યા અને તેને કાઢ્યો અને હવે તાત્કાલિક બીજા ચોરના ભાઈ ઘંટી ચોરને કામગીરી કેમ સોંપી તે ખબર નથી પડતી. હવે જેને મોહનથાળ બનાવવાનું કામ આપ્યું છે તે કંપની અગાઉ મોહનથાળ બનાવતી હતી ત્યારે તે મોહનથાળમાં દૂધની જગ્યાએ ગરમ પાણીમાં પાઉડર નાખીને મોહનથાળ બનાવીને ગેરરીતિ કરતી હતી ત્યારે પકડાયેલી છે અને તેને તે વખતના વહીવટીદાર બ્રહ્મભટ અને નાયબ મામલતદાર એમ.કે પટેલે તેને પ્રસાદ બનાવવામાં ગેરરીતિ કરતા પકડીને લાખો રૂપિયાનો દંડ કર્યો હતો. તેમ છતાં તેજ ઘંટી ચોર કંપનીને ફરીથી મોહનથાળ બનાવવાનું કામ કેમ સોંપાયું તે વિચારવા લાયક છે.

ઉલ્લેખનીય છેકે, અગાઉ મોહનથાળ પ્રસાદની સંતોષકારક અને સુચારુ ચાલનને ધ્યાને રાખી સરકારે હંગામી ધોરણે મોહની કેટરર્સને ટેન્ડર પ્રક્રિયાના આધારે આપવામાં આવી હતી પરંતુ ભેળસેળ ઘી મામલે તેને બ્લેક લિસ્ટ કરાઈ છે. હવે મહોનથાળ પ્રસાદનો કોન્ટ્રાક્ટ ટચ સ્ટોન ફાઉન્ડેશનને સોંપવામાં આવ્યો છે. પાપ્ત માહિતી મુજબ અગાઉ વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ સુધી શ્રી ટચ સ્ટોન ફાઉન્ડેશન અમદાવાદને અંબાજીમાં મોહનથાળ પ્રસાદ સંચાલનની કામગીરી કરેલી છે. ત્યારે વધુ એક વખત આ કોન્ટ્રોક્ટ એજન્સીને છ માસમાં માટે આપવામાં આવ્યો છે. જે ટચ ફાઉન્ડેશન અક્ષયપાત્રનો જ એક ભાગ છે.

વધુમાં દાંતાથી કોંગ્રેસના ધારાસભ્ય કાંતિભાઈ ખરાડીએ જણાવ્યું છેકે, અંબાજી મંદિર ટ્રસ્ટ પાસે મોટો સ્ટાફ છે તમામ સાધન સામગ્રી છે તો તે જાતે જ મોહનથાળ બનાવી શકે તેમ છે તો કેમ અન્ય કંપનીઓને કામ સોપાય છે..મંદિર ટ્રસ્ટ પોતેજ ઉત્તમ પ્રકારનો મોહનથાળ બનાવીને ભક્તોને આપી શકે છે તો કેમ બીજી કંપનીઓને કામ સોપાય છે બીજાને કામ આપવામાં શુ મલાઈ મળે છે .કે આવી ચોર કંપનીઓને કામ અપાય છે.મોહનથાળ બનાવવાનું કામ જે કંપનીને અપાયું છે તેની સામે અનેક ગુનાઓ નોંધાયેલા છે અને કોર્ટમાં પણ કેસો ચાલે છે તો શું જોઈને આને કામ અપાયું..

## આગામી ૨૪ કલાકમાં અનેક રાજ્યોમાં પડશે ભારે વરસાદ, હવામાન વિભાગનું એલર્ટ

નવીદિલ્હી,તા.૫

હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં પેટા હિમાલયન પશ્ચિમ બંગાળ, અસમ, મેઘાલય અને સિક્કિમમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. ત્યારબાદ આ રાજ્યોમાં વરસાદમાં ઘટાડો થશે. આ સિવાય આગામી બે દિવસ દરમિયાન જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમી ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્રના ઘણા વિસ્તારમાં ચોમાસાની વિદાયની સ્થિતિઓ અનુકૂળ બનેલી રહેશે.



પૂર્વી ભારતની વાત કરીએ તો પેટા હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમમાં પાંચ અને છ ઓક્ટોબર, ઝારખંડ, બિહાર, પશ્ચિમ બંગાળમાં પાંચ ઓક્ટોબર, અંડમાન અને નિકોબાર ટાપુમાં પાંચથી નવ ઓક્ટોબર ભારે વરસાદની સંભાવના છે. નોર્થઈસ્ટ ઈન્ડિયાની વાત કરીએ તો અસમ, મેઘાલયમાં પાંચથી સાત ઓક્ટોબર, અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુરમાં પાંચ અને છ ઓક્ટોબરે ભારે વરસાદ થશે. તો નોર્થઈસ્ટના કેટલાક રાજ્યોમાં પણ વરસાદનું એલર્ટ છે.

હવામાન વિભાગે જણાવ્યું કે જમ્મુ-કાશ્મીર, લદાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડમાં ૯ ઓક્ટોબરે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ સિવાય વીજળી અને કેટલાક વિસ્તારમાં આંધી-તોફાનની ચેતવણી જાહેર કરવામાં આવી છે. પશ્ચિમી અને દક્ષિણ ભારતની વાત કરીએ તો અહીં હવામાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં.

ઉત્તરી સિક્કિમમાં લ્હોનક તળાવ પર વાદળ ફાટવાથી તીસ્તા નદીમાં અચાનક પૂર આવવાને કારણે ૧૪ લોકોના મોત થયા અને ૨૩ સૈન્યકર્મીઓ સહિત ૧૦૨ લોકો લાપતા થયા છે. અધિકારીઓએ ગુરૂવારે આ જાણકારી આપી છે. સિક્કિમ રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ બુલેટિનમાં તે જણાવ્યું કે બુધવારે આપદા બાદથી અત્યાર સુધી ૨૦૧૧ લોકોને બચાવવામાં આવ્યા છે, જ્યારે ૨૨૦૩૪ લોકો તેનાથી પ્રભાવિત થયા છે.

## તંત્રી લેખ......

# જ્ઞાનવાપી કેસ

કોર્ટે આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઇ)ને જ્ઞાનવાપી સંકુલનો સર્વે કરવા અને તેનો રિપોર્ટ રજૂ કરવા માટે ચાર અઠવાડિયાનો સમય આપ્યો છે. સાથે જ શરતી આદેશ આપ્યો છે કે આ પછી મુદત લંબાવવામાં આવશે નહીં. આ સિવાય જ્ઞાનવાપીના અન્ય તમામ કેસોની સુનાવણી ૧૨ ઓક્ટોબરે હાથ ધરવામાં આવશે. વ્યાસજીના ભોંયરા સંબંધમાં દાખલ કરાયેલી ટ્રાન્સફર અરજી પર ગુરુવારે સાંજ સુધીમાં આદેશ આવશે.

આ સંદર્ભે એએસઆઇ વતી ભારત સરકારના સ્ટેન્ડિંગ કાઉન્સેલ અમિત કુમાર શ્રીવાસ્તવે જિલ્લા ન્યાયાધીશ ડૉ. અજય કૃષ્ણ વિશ્વેશની કોર્ટમાં અરજી કરી હતી. તેમણે કહ્યું કે ૬ ઓક્ટોબર પછી જ્ઞાનવાપીમાં સર્વે માટે વધુ ચાર સપ્તાહનો સમય આપવો જોઈએ. જેને કોર્ટ તરફથી લીલી ઝંડી મળી ગઈ છે.૨૧ જુલાઈના રોજ કોર્ટે જ્ઞાનવાપીમાં સર્વે કરીને ૪ ઓગસ્ટ સુધીમાં રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું હતું. ૨૪ જુલાઈએ સર્વે શરૂ થયા બાદ પહેલા સુપ્રીમ કોર્ટ અને પછી અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને કારણે ૩ ઓગસ્ટ સુધી કામ અટકી ગયું હતું. તેથી એએસઆઈએ સર્વેની કામગીરી પૂર્ણ કરવા માટે ચાર અઠવાડિયાનો વધુ સમય આપવા વિનંતી કરી હતી. કોર્ટે ૫ ઓગસ્ટે સર્વે રિપોર્ટ રજૂ કરવા માટે વધુ ચાર અઠવાડિયાનો સમય આપ્યો હતો. આ પછી, ૮ સપ્ટેમ્બરના રોજ, કોર્ટે એએસઆઈને સર્વેની કામગીરી પૂર્ણ કરવા માટે ચાર અઠવાડિયાનો વધુ સમય આપ્યો હતો.

# સસ્તા ભાવે પેટ્રોલ- સ્ટાર્ટ અપ પ્રોજેકટનું બાળમરણ??

રાજુ રદી માથા પર ટુવાલ લપેટીને ડાઘુઓની જેમ ચહેરા પર શોક, દુઃખ,અવસાદનો મેઈક અપ અને મેઈક ઓવર કરીને નજર નીચી કરી મારા ઘરમાં દાખલ થતાં વેંત જ મરણ પોક મુકી.

“રાજુ. આ બધું શું માંડ્યું છે? મારા ઘરે કોઇ મરણ બરણ હરણ થયેલ નથી!!’ મેં કડકાઈથી રાજુને ખખડાવ્યો.

નાનું બાળક રોતું હોય અને કોઈ વડીલ મોટેથી બોલે તો જોરથી ભેંકડો તાણે એમ જ ભેંકડો તાણીને ડૂસ્કા વચ્ચે રાજુ બોલ્યો’’ ગિરધરભાઇ, કંસાર કરવા ગયો પણ થુલી થઇ ગઇ એંએંએંએંપ.’’

“ રાજુ. મને તારી વાતમાં ટપો પડતો નથી. તું સમજાય તે રીતે વાત કર.’’

“ગિરધરભાઇ,ચડતી દેગડીમાં પથ્થર નાંખવા તે આનું નામ.’’રાજુ રદી ફરિયાદના સૂરે બોલ્યો.

“ કેમ અલ્યા? તારું લાકડે માંકડું વળગતું હતું કે તું ડાળે વળગતો હતો અને કોઈએ ફાચર મારી!! બહું ખોટું કહેવાય’’ મેં અફસોસ વ્યક્ત કર્યો.

“ભાઈ, હું મારા દુખના રોદણા રોતો નથી. સમગ્ર સમષ્ટિના દુઃખે દુઃખી છું. કાલ કે પરમ દિવસે સસ્તા ભાવે પેટ્રોલ યોજના અમલમાં મુકાયેલીપપ’’ રાજુ રદી ઉવાચ.

“ હા,પણ તેનું શું છે?તે કહેલું કે આપણને પંચ્યાશી રૂપિયામાં ચોવીસ કેરેટ જેવું હોલોગ્રામ શુધ્ધ સોના જેવું પેટ્રોલ મળે.ગુણવત્તા આએસઓ-૯૦૦૧ જેવી.એચવીના પેટ્રોલ પંપના બહાર ટેન્કર ઉભું હતું. ત્યાં ધ-૦ થી ઘ-૭ સુધીની લાંબી લાઈન હતી. લોકો બાલ્ટી, કૂકર, તપેલા , પાણી ભરવાની પવાલી, કથરોટ, ગાગર, હાંડા, કેરબા, ડ્રમ લઈને સસ્તું પેટ્રોલ લેવા તલપાપડ હતા . રાજુને થયું કે લોકો સારા છે કે વાટકી,ડોયો,ચમચી,જારો,છરી-કાંટો ખમણી લઈને સસ્તું પેટ્રોલ લેવા આવ્યા નથી. એકાદ અક્કલમઠ્ઠો ખોબામાં સસ્તું પેટ્રોલ લેવા આવેલ હતો.!! તે જ કહેલું કે વેલ બીગીન ઈઝ હાફ ડન એટલે કે સારી શરૂઆત અટલે અડધી સફળતા’’ મેં રાજુએ કહેલ વાત તેને યાદ દેવરાવી.

“ગિરધરભાઈ . એની જ મોકાણ છે! સારા કામમાં સો વિઘ્ન આવે. પ્રથમ ગ્રાસે મક્ષિકા કે કાંકરી આવ્યા જેવી બાબત થઈ’’રાજુએ વ્યથાકથા બ્યાન કરી.

“ રાજુ પેલા પરગજુ, પરોપકારી અને લેવાભાવી સજ્જને સ્વાર્થભાવે કિફાયતી ભાવે જન પેટ્રોલ યોજના શરૂ કરી, વિકાસ પ્રવૃતિ હતી, વધતા ભાવો સામે સમાજના સર્વે વર્ગોને રાહત આપવાની મેઈક ઈન્ડિયા, સ્વનિર્ભર સ્ટાર્ટ અપ યોજના હતી. પ્રચંડ લોક પ્રતિસાદ પણ હતો.મિંયાબીબી રાજી તો કયાં કરે કાજી?વાલિયામાંથી વાલ્મીકિ તરીકેનું ટ્રાન્સફોર્મેશન એકવ્યકિતન્ ફાયદાકારક હતું .અહીં તો સમગ્ર સમાજને મીઠા ફળ આઈમિન પેટ્રોલ મળવાનો ઉપક્રમ હતો. જો અનામી યોજના હોય તો કોઈનું નામ જોડી શકાય !!’’મેં પણ બળાપો કાઢ્યો. તમે તેને પુણ્ય પ્રકોપ જેવું પ્રશિષ્ટ નામ આપી શકો!!

“ગિરધરભાઈ,સારા કામમાં સો વિઘ્ન.જેણે સસ્તા પેટ્રોલનો લાભ લીધો તેમણે જ - જિસ થાલી મેં ખાયા ઈસી મેં છેદ કિયા. પડે છે ત્યારે સઘળું પડે છે જેવો તાલ થયો.લોકો કોઈનું ભલું જોઈ શકતા નથી. લોકો ઈર્ષાળું છે’’ રાજુએ ઘોર નૈરાશ્યની અભિવ્યકિત કરી .’’

“રાજુ, ઈર્ષાળુને માતાજીના સાથોસાથ બાપુજીના પણ આશીર્વાદ!!!’’

ઢીલીઢસ ખિંચડીના લોંદા જેવા રડમસ ચહેરે આવેલ રાજુ જાનૈયા જેવો-ધુઘરા જેવો હળવો થઈને પ્રસન્નવદને મારા ઘરમાંથી વિદાય થયો!!!

ભરત વૈષ્ણવ

# ગુજરાતમાં ભાજપ સરકારના ભ્રષ્ટાચારી શાસનમાં ’વ્યાપમ’ને શરમાવે એવું ’વ્યાપક’ શિક્ષક ભરતી કૌભાંડ...: શ્રી હેમાંગ રાવલ

- જે લોકોએ અરજી પણ નોહતી કરી તેમને સરકારી નોકરી આપી મહેકમ કરતા વધારે ભરતી કરીને ભ્રષ્ટાચાર આચરીને સરકારી ખજાનાને કરોડોનો ચુનો : શ્રી હેમાંગ રાવલ
- ખોટા શારીરિક ખોડખાપણ અને સ્પોર્ટસ સર્ટિફિકેટ રજુ કરી નોકરી મેળવવાનું કૌભાંડ: શ્રી હેમાંગ રાવલ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કોકન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલે જણાવ્યું હતુ કે, ગુજરાતમાં ભાજપ સરકારના ત્રણ દાયકાના શાસનમાં અનેક કૌભાંડો અને શિક્ષિત બેરોજગારો સાથે થઈ રહેલા અન્યાયનો કીર્તિમાન સ્થાપિત થયો છે. એક તરફ વિદ્યાસહાયકની ભરતી માટે લાખો ઉમેદવારો સંઘર્ષ કરી રહ્યાં છે, આંદોલન કરી રહ્યાં છે ત્યારે બીજી તરફ ભાજપ સરકારે નિર્લજ્જતાની હદ વટાવી છે. રાજ્યમાં લાખો યુવાનો બેરોજગાર બેઠા છે અને સરકારના જવાબદાર અધિકારીઓ તેમના સગા - વ્હાલાને સાચવી લેવા માટે હોડ કરી રહ્યા છે. ભાજપ સરકાર લાજવાની બદલે ગાજી રહી છે અને કૌભાંડો સામે આંખ આડા કાન કરી રહી છે.

ત્રણ મહિનાથી ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવી અને શ્રી શિક્ષણ સચિવને પણ આ વાતની, કૌભાંડની જાણ હતી, પુરાવા સાથે આ વાત તેમની સામે પહોંચી હતી છતાં પણ આ રમત રમાતી રહી. આજે, વાત સામે આવી છે ગુજરાતના ખેડા જિલ્લાની. વર્ષ ૨૦૧૦માં ખેડા જિલ્લામાં ૧૪૧ વિદ્યાસહાયકની ભરતી જાહેરાત બહાર પડી હતી.

૧૪૧ ભરતીની સાથે ૨૩ એવા ઓર્ડર આપવામાં આવ્યા જે ઉમેદવારોએ અરજી પણ નહોતી કરી. વધુમાં, આ ઉમેદવારોએ અપંગતાના ડુપ્લીકેટ સર્ટિફિકેટ રજૂ કર્યા હતાં. સામાન્ય પ્રવાહમાં પીટીસી વિદ્યાસહાયકમાં ૬૩ની બદલે ૬૭ ઉમેદવારો લેવામાં આવ્યા. જ્યારે વિજ્ઞાનપ્રવાહમાં ૩ વધુ ઉમેદવારો લેવામાં આવ્યા. આવી જ રીતે બીજા વિભાગોમાં પણ ગેરરીતિથી ઉમેદવારો લેવામાં આવ્યા.

વ્યાજબી છે કે, સરકારી મહેકમમાં જાહેર કરેલ ૧૪૧ સરકારી શિક્ષકોનો પગાર બજેટમાં ફળવાય પરંતુ વધારાના આ ૨૩ શિક્ષકોનો પગાર હાલ કેવી રીતે અને કયા હેડમાં ચૂકવાય છે તે નવાઈની વાત છે. આ કરોડો રૂપિયાનો વ્યવસ્થિત આયોજનથી કરેલો ભ્રષ્ટાચાર છે. ૧૩ વર્ષોથી સળંગ ચાલતો આ ભ્રષ્ટાચાર છે. ૧૩ વર્ષથી જનતાના પૈસા ગેરરીતીઓ પાછળ વેડફતી આ ભાજપ સરકાર છે.



બેરોજગારો, યુવાધનને ૨૭ વર્ષથી અન્યાય કરતી આ ભ્રષ્ટ ભાજપ સરકાર છે. વર્ષ ૨૦૦૮માં સ્પોર્ટ્સના માર્ક્સ મેરિટમાં ગણવાનો ઠરાવ આવ્યો હતો. ગુજરાત કબડ્ડી એસોસિયેશન નામની સંસ્થાએ આ સ્થિતિનો ફાયદો ઉઠાવી ઉમેદવારોને સર્ટીફીકેટ આપ્યા હતા. આ ગુજરાત કબડ્ડી એસોસિયેશનના સર્ટિફિકેટ ધરાવતા ૮૪ શિક્ષકોની જાણ થતાં તેમની ચકાસણી કરવામાં આવી અને સર્ટિફિકેટ બોગસ નીકળ્યા, જેથી જામનગર શિક્ષણ પ્રશાસને તેઓને છૂટા કર્યા. તે જ પ્રમાણે વડોદરામાં ૩૩ જેટલા શિક્ષકોને છૂટા કર્યા. પરંતુ, આ જ સંસ્થા, ગુજરાત કબડ્ડી એસોસિયેશનના સર્ટિફિકેટ ધરાવતા ૩૨ સરકારી શિક્ષકો હાલમાં ખેડા જિલ્લામાં નોકરી કરી પગાર લઈ રહ્યાં છે.

વર્ષ ૨૦૦૮માં આ જ રીતે ૨૫૭ જાહેર કરેલ જગ્યા પર વધારાના ૬૪ ઉમેદવારો લેવામાં આવ્યા હતા. જાહેર કરેલ પરિપત્રમાં ઉલ્લેખ હતો કે, જાહેરાતમાં દર્શાવેલ જગ્યા કરતાં એક પણ જગ્યા ભરવી નહિ જો ભરશે તો તે જવાબદારી પ્રાથમિક શિક્ષણ અધિકારીની રહેશે.

ભૂતકાળમાં ઈડર અને ખેડબ્રહ્મામાં આ જ પ્રમાણે ભરતી કૌભાંડ ઉજાગર થતાં તે વખતના ડીઈઓ, ક્લાર્ક, ૨૦ જેટલા શિક્ષકો, શાળા સંચાલકો પર એફઆઈઆર કરવામાં આવી હતી અને તેમની પાસે પગારથી ત્રણ ગણી વસુલાત કરવામાં આવી હતી. તે જ રીતે ભૂતકાળમાં ખોટા વિકલાંગતાના સર્ટિફિકેટ રજૂ કરાયેલ ૨૧ ઉમેદવારોને ભરતીમાંથી રૂખસત કર્યા હતા અને એફઆઈઆર પણ કરવામાં આવી હતી. અહીં અગત્યની વાત એ છે કે, જે લોકો પસંદગી સમિતિમાં હતા તેમના જ બાળકોને ખોટા સર્ટિફિકેટ રજૂ કરી નોકરીમાં લાવવાનો કારસો ઘડવામાં આવ્યો છે અને આજે પણ તેઓ ફરજ પર છે, પગાર મેળવી રહ્યાં છે.

જ્યારે પશ્ચિમ બંગાળ અને હરિયાણામાં આ પ્રકારના શિક્ષક ભરતી કૌભાંડ થયા હતા ત્યારે સી.બી.આઇ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને દોષિતો અત્યારે પણ જેલમાં છે. ૨૦૦૮ના વડોદરાના તપાસ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે આ કૌભાંડ મોટું હોવાથી તેની તપાસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવી જોઈએ. પરંતુ, આજ સુધી તે શક્ય બન્યું નથી. આ સિવાય અમરેલી, રાજકોટ, ભાવનગરમાં જિલ્લા સહિત અન્ય જિલ્લાઓમાં પણ આ પ્રકારના કૌભાંડની શક્યતા છે.

વર્ષ- ૨૦૦૮
શિક્ષક ભરતી જાહેરાત -૨૫૭
મહેકમથી વધુ ભરેલ ઉમેદવારોની સંખ્યા- ૬૪
કુલ ભરતી- ૩૨૧
વર્ષ- ૨૦૧૦
શિક્ષક ભરતી જાહેરાત - ૧૪૧
મહેકમથી વધુ ભરેલ ઉમેદવારોની સંખ્યા- ૨૩
કુલ ભરતી- ૧૬૪

આમ, માત્ર એક જ જિલ્લામાં (ખેડા) જાહેરાત થયેલ ભરતી અને મહેકમ કરતાં ૮૭ શિક્ષકોની ભરતી વધારાની, ભ્રષ્ટાચાર દ્વારા કરીને ખરેખરમાં સાચા મહેનત કરીને મેરિટમાં આવેલ યુવાનોને અન્યાય થયેલ છે તથા સરકારી ખજાનાને કરોડો રૂપિયાનું નુકશાન થયેલ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ માંગ કરે છે કે, આ કૌભાંડની સી.બી.આઈ દ્વારા સઘન તપાસ થવી જોઈએ, સમગ્ર ગુજરાતની ૨૦૧૦થી થયેલ શૈક્ષણિક ભરતીઓની તપાસ કરી તેઓએ રજૂ કરેલ સર્ટીફિકેટની ચકાસણી કરાવીને દોષિતોને કડકમાં કડક સજા થવી જોઈએ અને જે લોકો બોગસ - નકલી સર્ટિફિકેટ સાથે નોકરીમાં જોડાયા છે તેમને સત્વરે ઘરે બેસાડવા જોઈએ. સાથે જ, જે સંસ્થાઓ - વ્યક્તિઓએ આ બનાવટી કાંડમાં મદદ કરી છે તેઓને પણ કડક સજા કરવી જોઈએ અને બેરોજગારોને ન્યાય આપી જલ્દીથી ખાલી થયેલા મહેકમ ભરવા જોઈએ.

# ૬ ઓકટોબર, “વિશ્વ સ્મિત દિવસ”

દર વર્ષે ઓકટોબર મહિનાના પહેલા શુક્રવારે “વિશ્વ સ્મિત દિવસ’’ ઉજવવામાં આવે છે. હસવું ફક્ત એક ભાવ જ નથી, પરંતુ અનેક સમસ્યાનું સમાધાન પણ છે. હસવાથી વ્યક્તિ લાંબા સમય સુધી સ્વસ્થ અને યુવાન રહી શકે છે. જયારે કોઈ પણ વ્યક્તિ હસે છે ત્યારે તેના ચહેરા પરનો ખીલખીલાટ જ એનાં સુઘડ સ્વાસ્થ્યની ચાડી ખાઈ જતું હોય છે. લોકોના ચહેરા પર હાસ્ય લાવવા માટે અનેક પ્રકારના કોમેડી શો અને ફિલ્મો બનાવવામાં આવે છે. તે મનોરંજનની સાથે વ્યક્તિને તણાવથી પણ દૂર રાખે છે. ફિલ્મો ઉપરાંત હાસ્ય પર અનેક ગીતો પણ બની ચુક્યા છે. મહાન અભિનેતા રાજ કપૂરે પણ પોતાની ફિલ્મ ’અનારી’માં ‘કિસી કી મુસ્કુરાહટો પે હો નિસાર’ ગીત ગાઈને લોકોને હસવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. જીવનની સ્થિતિ ગમે તે હોય, પરંતુ જિંદગીમાં હાસ્યનું એક અલગ જ મહત્ત્વ હોય છે. હસવાથી શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહી શકાય છે. જે પરિવારમાં ખુશી અને હાસ્યનો માહોલ હોય ત્યાં બધું સારું જ થતું હોય છે. ઘરમાં દરેક વ્યક્તિ હસતું હોય તો વાતાવરણ પોઝીટીવ રહે છે અને ઘરમાં કલેશ થવાની સંભાવના ઓછી રહે છે. હસવાથી મગજમાં ડોપામાઈન નામનું હોર્મોન રીલીઝ થાય છે. જેનાથી માણસને માનસિક શાંતિ મળે છે અને હાર્ટ અટેક, ડાયાબિટિસ, ઈન્ફેક્શન સહિત અનેક બીમારીઓ થવાનો ખતરો ઘટી જાય છે. સ્માઈલ એ દરેક બીમારીની દવા છે જેનાથી આખા શરીરની માંસપેશીઓ પ્રભાવિત થાય છે, જેનાથી લોકોની અંદર પોઝિટિવ થિન્કિંગ આવે છે આ માટે સદાય હસતું રહેવું જોઈએ.

મિત્તલ ખેતાણી

# જો રજા ના દિવસે ગેસ લીક થાય તો શું કરવું?

એલ જી.પી.ગ્રાહકોએ આ વાત પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે.ખાસ કરીને પુરુષ વર્ગ કામકાજ માટે ઘરની બહાર હોય.મહિલાઓ ઘરમાં એકલી હોય.

મારો ગેસ ખલાસ થતા મે ગેસ સિલિન્ડર બદલી નાખ્યું મે ખાલી સિલિન્ડર કાઢી નવું ભરેલું સિલિન્ડર લગાવ્યું.જલ્દી જલ્દી મે રેગ્યુલરેટર ચાલુ કર્યું.મને ગેસ લીક થવાની ગંધ અનુભવાઈ સલામતીના કારણોસર મે તરત જ રેગ્યુલરેટર બઁધ કર્યું
મે તરત જ ગેસ એજન્સીને જાણ કરવાનો નિર્ણય લીધો.મે તરત જ મારી ગેસ એજન્સીને જાણ કરી મદદ માંગી. તેમણે જવાબ આપ્યો કે એજન્સી રવિવાર હોવાથી આજે બંધ છે હવે હમારો માણસ કાલે જ તમારી સમસ્યાનુ નિરાકરણ કરી શકશે માફ કરશો.




હું નિરાશ થઈ ગઈ અચાનક મને વિચાર આવ્યો મારે ગુગલ પર સર્ચ કરવું જોઈએ કદાચ મને કોઈ ઈમરજન્સી નંબર મળી આવે.

ગુગલ ગેસ લીકેજના કિસ્સામા ૧૯૦૬ નંબર બતાવે છે જયારે મે તે નંબર પર ફોન કર્યો ત્યારે ટુ કોલર પર ગેસ લીકેજ ઈમરજન્સી દેખાઈ એક મહિલાએ ફોન ઉપાડ્યો મે તેને મારી સમસ્યા જણાવી તેને જણાવ્યું કે એક કલાકમાં સર્વિસ મેન તમારા ઘરે પહોંચી જશે જો તમારી પાઈપ લીક થઈ રહી છે તો તમારે નવી પાઈપનો ચાર્જ ચૂકવવો પડશે નહી તો કઈ આપવું નહી પડે.

મને નવાઈ લાગી અર્ધા કલાકમાં જ એક છોકરાએ દરવાજો ખખડાવ્યો. તે છોકરાએ આવીને ચેક કર્યુ અને ૨ જ મિનિટમા સિલિન્ડરની અંદરનું વોશર બદલી નાખ્યું અને ગેસ ચાલુ કરી દીધો.

જયારે મે તેને પૈસા આપવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેને નમ્રતાથી પૈસા લેવાનો ઈન્કાર કર્યો તેને કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા તેમને આ સુવિધા મફતમાં આપવામાં આવી છે.

અર્ધા કલાક પછી પેલા કોલ રિસીવ કરનાર મહિલાનો ફોન આવ્યો મને પૂછ્યું કે તમારી સમસ્યા ઉકેલાઈ ગઈ છે કે નહી?

મે ગુગલ પર ફરીથી હકીકત તપાસી અને જોયું આ સુવિધા સર્વિસ ઇન્ડિયા ગવર્મેન્ટ ઈન પર ૨૪/૭ ઉપલબ્ધ છે જે તમામ ગેસ કંપનીઓ સાથે જોઈન્ટ છે.

આમ એક કેન્દ્ર સરકારની યોજનાથી મારું કામ થઈ ગયું કેટલીક યોજનાઓની આપણે માહિતી હોતી નથી.તેથી આવી યોજના પર ધ્યાન આપવાની ખાસ જરૂર છે

અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત

# આ સાચું કે પેલું સાચું?

હું એ વિચાર કરી પોતાને ભાગ્યશાળી માનું છું કે મારી પાસે સમરથ સદગુરૂ છે.પ્રભુ પરમાત્માએ કૃપા કરીને મને એવા સદગુરૂનો ભેટો કરાવ્યો છે જેમને કૃપા કરીને મને સમજાવ્યું છે કે પ્રભુ પરમાત્મા નિરાકાર છે અને તેમને જાણીને તેમની સાથે જોડાવવું એ સૌભાગ્યની વાત છે.અન્યથા તમામ લોકો અને તમામ ભૌતિક પદાર્થો દુનિયાના આ મેળામાં મળે છે અને તેનો વિયોગ પણ થઇ જાય છે.સદગુરૂ માર્ગદર્શક હોય છે તેમના માધ્યમથી એક પ્રભુ પરમાત્મા અને ગુરૂવચનો ઉપર વિશ્વાસ કરવાથી જગતની તમામ ચીજોમાં એક પ્રભુનાં જ દર્શન થાય છે.નિરંકારી સદગુરૂ માતા સુદિક્ષાજી મહા.આપણને બ્રહ્મજ્ઞાનના માધ્યમથી જીવન જીવવાનો રસ્તો બતાવે છે પરંતુ ચાલવાનું કામ તો શિષ્યે પોતે કરવું પડતું હોય છે.

પહેલાના સમયમાં રાજા જનક થઇ ગયા જે ગુરૂના યોગ્ય શિષ્ય હતા.એક દિવસ ઉનાળાના સમયમાં ભોજન બાદ જ્યારે તેઓ સૂઇ જાય છે ત્યારે તેમને એક સ્વપ્ન આવે છે.જ્યારે સ્વપ્?ન પ્રતિકૂળ હોય છે તો બિસ્તર ગમે તેટલો નરમ કેમ ના હોય મન અશાંત જ રહે છે.તેઓએ સ્વપ્નમાં જોયું કે પાડોશી રાજાએ જનકપુરી ઉપર આક્રમણ કર્યું છે,તેઓ યુદ્ધમાં હારી જાય છે.મિથિલાનગરી ઉપર શત્રુઓ કબજો મેળવી લે છે.જનકરાજા જંગલમાં ભટકે છે,ભૂખની ભયંકર પીડાથી તે વ્યાકુળ છે.ફરતાં ફરતાં તે રાત્રીના સમયે એક નગરમાં પહોંચે છે,ભોજનની વ્યવસ્થા થતી નથી.તે સમયે કોઈકે કહ્યું કે આ નગરમાં એક ધર્મશાળા છે જ્યાં રાત્રી દરમ્યાન બહારથી આવનાર તમામને ભોજન કરાવવામાં આવે છે ત્યાં આપ જાઓ. વિચાર કરો ! જનકરાજા આટલા મોટા સમ્રાટ પરંતુ ભોજનના ફાંફા પડે છે..! તેઓ ત્યાં જાય છે જ્યાં ખિચડી વહેંચવામાં આવી રહી છે.અતિશય ભૂખ લાગી હોય તો ખિચડી પણ બત્રીસ પકવાન જેવી લાગતી હોય છે.ભોજન વહેંચનારે કહ્યું કે ખિચડી તો ખલાસ થઇ ગઇ હતી પરંતુ ભૂખથી વ્યાકુળ માણસને જોઇને તેને દયા આવે છે અને કહે છે કે ખિચડી તો ખલાસ થઇ ગઇ છે પરંતુ તપેલામાં બળેલા થોડા પોપડા પડ્યા હતા જો આપ કહો તો તે આપું !

રાજા ભૂખથી બેહાલ હતા એટલે હા પાડે છે.ભોજન વહેંચનાર એક પતરાળામાં બળેલી ખિચડીના પોપડા આપે છે તે લઇને જ્યાં ખાવા જાય છે ત્યાં જ એક કૂતરા સાથે અથડાય છે અને પતરાળા સહિત ખિચડી નીચે પડી જાય છે જે કૂતરો ખાઇ જાય છે.પીડાની આ પરાકાષ્ટામાં રાજાની આંખ ખુલી જાય છે અને તેમને રાહત થાય છે.રાજા વિચારે છે કે મને કોઇ અભાવ નથી,ઘણા જ આનંદથી બિસ્તર ઉપર સૂઇ રહ્યો હતો પરંતુ તેમના મનમાં એક પ્રશ્ન થાય છે.

રાજા જનક સવારમાં સભામાં ઉપસ્થિત વિદ્વાન પંડીતોને પ્રશ્ન પુછે છે કે સ્વપ્નમાંની પીડા અને ભૂખ સત્ય છે કે આ સુખ-વૈભવ અને આરામના સાધન સત્ય છે? સભામાં કોઇ વિદ્વાન જવાબ આપી શકતા નથી.એકવાર સભામાં ઋષિ અષ્ટાવક્ર પધારે છે ત્યારે રાજા જનક તેમને આ પ્રશ્ન પુછે છે.

અષ્ટાવક્રજીએ સમગ્ર પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને કહ્યું કે સ્વપ્નમાં આપ જંગલમાં હતા અને ઘોર દુઃખ અને ભયંકર ભૂખનો અનુભવ કરી રહ્યા હતા.અત્યારે આપ રાજમહેલમાં છો અને ભૂખની કોઇ સમસ્યા નથી.તેનો અર્થ એ થયો કે મહેલ,રાણીઓ,નોકર-ચાકર સત્ય નથી.જનકરાજા પહેલાંથી જ સંસારની નશ્વરતાને સમજતા હતા એટલે અષ્ટાવક્રજીની વાત સાથે સહમત થાય છે.

અષ્ટાવક્ર ઋષિ કહે છે કે સ્વપ્નનું જંગલ કે ભૂખની આગ પણ સત્ય નહોતી, આ મહેલ પણ સત્ય નથી પરંતુ આપ જંગલમાં પણ હતા અને મહેલમાં પણ છો એટલે આપનું હોવું એ સત્ય છે,આપ સત્ય છો. રાજા જનક મહાત્માની વાતનો સાર સમજી ગયા કે તમામનું શરીર નાશવાન છે એટલે તે સત્ય નથી. મનુષ્યનું વાસ્તવિક અસ્તિત્વ છે તેની આત્મા..આ આત્મા જ સત્ય છે,તેના સિવાય જે કંઇ દેખાય છે, અનુભવાય છે તે ફક્ત ભ્રમ છે.

જગતમાં સર્વ કંઇ પ્રભુ પરમાત્મા છે એટલે તેમની આજ્ઞાથી તેનો ઉપભોગ કરો અને કોઇના ધન ઉપર લલચાવું નહી.દશ્યમાન જગત માયા છે,તે ક્ષણભંગુર છે,અસ્થાઇ છે.તેનો ત્યાગભાવથી પ્રભુનાં માનીને ઉપભોગ કરો.બ્રહ્મજ્ઞાન બાદ જો જગત સત્ય લાગે તો સમજો કે નિર્મલ બ્રહ્મજ્ઞાન થયું નથી.જો સ્વપ્ન સત્ય લાગે તો સમજો કે હજુ જાગ્યા જ નથી.સ્વપ્ન અને જગતમાં ફરક જ નથી..જીવનો સંકલ્પ સ્વપ્નું છે અને બ્રહ્મનો સંકલ્પ આ જગત છે.આ બંન્નેમાં ફર્ક એટલો જ છે કે સ્વપ્ન ત્યારે પુરૂ થાય છે જ્યારે આંખ ખુલે છે અને જગત ત્યારે પુરૂ થાય છે જ્યારે આંખો બંધ થાય છે.જગત પણ સ્વપ્નની જેમ જુઠું છે.

સમગ્ર સંસાર મોહરાત્રિમાં દેખાતું એક સ્વપ્નુ છે.આ સ્વપ્ન જ જીવ જોઇ રહ્યો છે.પરમાર્થના માર્ગ પર ચાલનાર જીવ ગુરૂકૃપાથી જાગે છે ત્યારે તેનો આ પ્રપંચ (જગતરૂપી સ્વપ્ન) થી છુટકારો થઇ જાય છે. જીવ જાગ્યો છે તેની ઓળખાણ એ છે કે વિષય વિલાસ જે અસત્ય છે તે તેને આકર્ષિત કરતી નથી.જગત ફક્ત નામ અને રૂપનો સમુહ છે.તમામ નામ કલ્પિત છે અને રૂપ પરીવર્તનશીલ છે, મિથ્યા છે, અસત્ય છે. તન મન ધનને પરમાત્માની દેન માનનાર સાકાર સૃષ્ટિકમાં પણ નિરાકારનું દર્શન કરતાં કરતાં નિર્લિપ્ત રહીને કર્તવ્ય કર્મ કરતો રહે છે.

સંસાર એ કેવળ મનની કલ્પના માત્ર છે.મન જ સંસાર ઉભો કરે છે.સ્વપ્નનું જગત જેમ મન ઉભું કરે છે તેમ જાગૃત અવસ્થાનું જગત પણ મન ઉત્પન્ન કરે છે.મન બગડે એટલે જીવન બગડે છે,મન સુધરે તો આત્માને મુક્તિ મળે છે.

તું તારી જાતને પુછ “હું કોણ છું?’’ તું શુદ્ધ આત્મા છે.જાગ્રત,સુષુપ્તિ અને સ્વપ્ન એ ત્રણે અવસ્થાનો સાક્ષી આત્મા છે.જ્ઞાનીઓ જગતને સત્ય માનતા નથી પણ સંસારને કલ્પિત માને છે.જગત સ્વપ્ન જેવું છે તેમ છતાં જેમ ખોટું સ્વપ્ન જીવને રડાવે છે તેમ ખોટું જગત પણ જીવને રડાવે છે.દાખલા તરીકે એક મનુષ્ય સૂતેલો હોય અને સ્વપ્નમાં વાઘ તેના પર હુમલો કરે અને તે રડવા માંડે પણ જો તરત જ જાગી જાય તો તેણે સમજાય છે કે ડરવાની જરૂર નહોતી.આ સ્વપ્નું ખોટું છે તે સમજાય ક્યારે? જયારે જાગી જઈએ ત્યારે.સર્વ વિષયોમાંથી જેનું મન ઉઠી ગયું છે તે જાગેલો છે.

પ્રભુ પરમાત્મા જ સત્ય છે.અંતમાં અમારે તેમાં જ સમાવવાનું છે તેમનામાંથી જ સૃષ્ટિની ઉત્પત્તિ થઇ છે અને તેમાં જ અંતમાં સમાઇ જાય છે.અમોને અમારા મૂળની વિસ્મૃત્તિ ના થઇ જાય એટલા માટે હરિ સ્મરણ આવશ્યક છે.સત્ય એક,નિત્ય અને અનંત છે તથા તમામનું આધાર સ્વરૂપ છે.જો અમારૂં આ સત્યની તરફ ધ્યાન કેન્દ્રિત થયેલું રહેશે તો અમારે કોઇ મત વિશેષ કે સંપ્રદાયની અંતર્ગત પોતાને બાંધવાની આવશ્યકતા નથી.

સદગુરૂએ મને સત્ય પરમાત્માનાં દર્શન કરાવ્યાં છે અને કહ્યું છે કે આ પ્રભુ પરમાત્મા સિવાય જે દશ્યમાન માયા છે તે બધું અહી જ રહી જવાનું છે.સત્યલોકમાં તો ફક્ત જીવાત્મા જ પરમાત્માની નાવ બેસીને જાય છે.એક જ પ્રભુ પરમાત્મા જે તમામ જગ્યાએ વિદ્યમાન છે તેનું સ્મરણ કરવું જોઇએ. તમામ ધાર્મિક ગ્રંથોમાં ફક્ત સર્વવ્યાપી અવિનાશી અવ્યય અડોલ સનાતન પ્રભુની જ ચર્ચાઓ છે અને તેમને જ સત્ કહેવામાં આવે છે.અવિનાશી તો તેને જ જાણો કે જે જડ ચેતનમાં વ્યાપ્ત છે.આ અવિનાશીનો વિનાશ કરવામાં કોઇ સમર્થ નથી.

સંસારના તમામ સબંધો અસત્ય અને કલ્પિત છે.સંસારના તમામ સહારાઓ જૂઠા છે અને એકમાત્ર પ્રભુ પરમાત્માનો સહારો જ સત્ય છે.સંસારના મનુષ્ય જ્યારે ભૂલી જાય છે કે હું કોન છું? ક્યાંથી આવ્યો છું? આ શરીર છોડ્યા પછી મારે ક્યાં જવું છે? અમારૂં મૂળ એક જ છે,અમો એક જ પરમપિતા પરમાત્માના સંતાન છીએ તથા વૈર,વિરોધ અને ઈર્ષ્યા વધી જાય છે ત્યારે પ્રેમ,નમ્રતા અને સમદષ્ટિ?નો સંદેશો આપવા માટે બ્રહ્મજ્ઞાની સંત મહાપુરૂષ ધરતી પર અવતરીત થઇને મનુષ્યને ઈશ્વરનાં
આભાર - નિહારીકા રવિયા દર્શન કરાવીને તમામ ભ્રાંતિઓ અને સંશયો દૂર કરે છે.

આલેખનઃ
કુમારી નિતૂં સૈની

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

NOG SS No149
વિષય સનાતન ધર્મ અને ધર્માન્તર
શીર્ષક ધર્માચરણ
પ્રકાર ગદ્ય
શબ્દો ૨૩૫
નામ પલ્લવી જોષી.
સરિતા. વડોદરા



સૌથી પહેલા તો સનાતન ધર્મ કોને કહેવાય? તો વ્યક્તિને પોતાને જે ધર્મમાં શ્રદ્ધા વિશ્વાસ હોય ને એનું મન જે ધર્મ તરફ દિલથી વળે છે એ સાચો સનાતન ધર્મ.

ઘણીવાર એવું બને છે કે લોકો કહેતા હોય છે કે અમારો ધર્મ અંગીકાર કરો અમારા ધર્મમાં માનો ધર્મ તો સનાતન સત્ય છે ધર્મ એક જ છે લોકોએ જ એના જુદા જુદા પ્રકાર નું નામ આપ્યા છે. આપણા દેશમાં કેટલાય લોકો અટક બદલીને જુદા જુદા ધર્મને અંગીકાર કરતા થઈ ગયા છે, હિન્દુ મુસ્લિમ શીખ ઈસાઈ ગુલામી ના સમયે કેટલા હિન્દુઓને મુસ્લિમ બનવા પર મજબૂર કર્યા હતા આ પદ્ધતિ સરાસર ખોટી છે.

ધર્મમાં માને છે કોઈપણ માણસ એ જ બહુ મહત્વનું છે. શું કામ જબરજસ્તી એને તમે બીજા ધર્મને અંગીકાર કરવા મજબૂર કરો છો ખોટો આગ્રહ રાખો છો.

હિન્દુને હિન્દુની રીતે એના ધર્મને માનવા દો ને, તમે તમારો ધર્મ માનો દરેકે દરેકનો ધર્મ માનવાનો હોય એમાં કોઈને કોઈ પણ જાતનું દબાણ કે બંધન ના કરવાનું હોય?

બીજાના ધર્મમાં ભય છે એટલે જ પોતાનો ધર્મ માનવાનો, ધર્મનું આચરણ સારા અને નરસાને નરસાનો ભેદ સમજાવે છે. કોઈપણ લાલચના બંધનમાં આવીને બીજા ધર્મનો અંગીકાર ના કરવો જોઈએ.

તમારો ધર્મ સનાતન સત્ય છે તમારા છેલ્લા શ્વાસ સુધી આ દુનિયાની કોઈપણ તાકાત સામે લડવાની શક્તિ આપશે. એ તમારા મનને ક્યારેય ચલિત નહીં થવા દે તમારો ધર્મ તમારા જીવનની અંતિમ ક્ષણ સુધી તમારું રક્ષણ કરશે જતન કરશે, ખોટી લાલચમાં આવી ધર્માન્તરણ કરવું નહીં, નહીં તો આખી જિંદગી પસ્તાવાનો વારો આવે છે.

# એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૬૧ લપસ્યો

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

**કોટન-ખાંડીમાં રૂ.૧૦૦ની નરમાઈ: નેચરલ ગેસમાં મિશ્ર વલણ: મેન્થા તેલમાં સુધારો: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭,૪૩૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૩૭૧૬૧.૦૯ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૫ કરોડનાં કામકાજ**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૪,૭૩,૩૩૯ સોદાઓમાં કુલ રૂ.૪૪,૫૯૭.૮૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૪૩૧.૮૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૩૭૧૬૧.૦૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૭,૨૫૯ સોદાઓમાં રૂ.૪,૪૦૨.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬,૨૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૨૧૩ અને નીચામાં રૂ.૫૬,૧૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૫૫ ઘટી રૂ.૫૬,૧૮૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૯ ઘટી રૂ.૪૫,૯૦૧ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ વધી રૂ.૫,૭૦૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯ ઘટી રૂ.૫૬,૨૧૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૭,૪૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૭,૬૦૫ અને નીચામાં રૂ.૬૭,૦૮૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૫૬ વધી રૂ.૬૭,૨૪૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૩૧ વધી રૂ.૬૭,૩૬૭ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૩૪ વધી રૂ.૬૭,૪૧૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૭૨૮ સોદાઓમાં રૂ.,૮૬૬.૯૯ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓક્ટોબર વાયદો રૂ.૭૦૨.૨૦ના ભાવે ખૂલી, રૂ.૨.૧૫ ઘટી રૂ.૬૯૭.૩૫ જ્યારે એલ્યુમિનિયમ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ વધી રૂ.૨૦૫.૬૫ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ ઘટી રૂ.૧૮૭ના ભાવ થયા હતા. જસત ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ ઘટી રૂ.૨૨૨ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ વધી રૂ.૨૦૬.૭૫ સીસુ-મિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ ઘટી રૂ.૧૮૭.૧૫ જસત-મિની ઓક્ટોબર વાયદો રૂ.૦.૧૫ ઘટી રૂ.૨૨૨.૧૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૮,૭૩૨ સોદાઓમાં રૂ.૨,૧૪૯.૯૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૭,૦૭૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૦૯૦ અને નીચામાં રૂ.૬,૮૭૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૧ ઘટી રૂ.૬,૯૦૩ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૧૫૯ ઘટી રૂ.૬,૯૦૨ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૫૦ના ભાવે ખૂલી, રૂ..૧૦ ઘટી રૂ.૨૫૦.૨૦ અને નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો ૦.૨ વધી ૨૫૦.૬ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૨.૭૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૦,૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૧૦૦ અને નીચામાં રૂ.૫૯,૯૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૦ ઘટી રૂ.૬૦,૦૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૦.૭૦ વધી રૂ.૯૩૩.૮૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૪૯.૫૦ કરોડનાં ૩,૨૫૯.૭૨૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૫૫૨.૭૩ કરોડનાં ૩૭૮.૧૨૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૧૮૪ કરોડનાં ૧૬,૯૫,૫૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૯૬૫.૯૧ કરોડનાં ૩,૮૩,૮૪,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૨૦.૯૫ કરોડનાં ૫,૮૮૦ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૬.૧૧ કરોડનાં ૧,૩૯૬ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૦૩.૭૯ કરોડનાં ૭,૨૦૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૧૬.૧૪ કરોડનાં ૯,૭૨૩ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ..૮૬ કરોડનાં ૧૪૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૧.૮૬ કરોડનાં ૧૨૬.૭૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૫૦૪.૩૬૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૫૦૭.૪૨૫ ટન, તાંબાના વાયદાઓમાં ૨૨,૮૩૦.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૭૭૨ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૬૬૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૧,૬૪૨ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૫,૩૨,૨૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૦૪,૧૮,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૫,૫૨૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૬૩૦.૭૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૪.૯૪ કરોડનાં ૬૬ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૧૦૨૬ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૪,૯૯૮ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૪,૯૯૮ અને નીચામાં ૧૪,૯૪૯ બોલાઈ, ૪૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૭ પોઈન્ટ વધી ૧૪,૯૬૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૩૭૧૬૧.૦૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૭૪૧.૨૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૬૩.૪૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૩૪૦૯.૮૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૫૨૯.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૭૮૪.૨૩ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૫૫.૧૦ અને નીચામાં રૂ.૧૬૯.૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૨.૪૦ ઘટી રૂ.૧૭૮.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩ ખૂલી, ઉપરમાં રૂ.૧૪.૨૦ અને નીચામાં રૂ.૧૧.૭૦ રહી, અંતે રૂ.૦.૦૫ વધી રૂ.૧૩.૨૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭૧ અને નીચામાં રૂ.૪૧૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩ ઘટી રૂ.૪૨૭.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૮ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૮ અને નીચામાં રૂ.૮૯ રહી, અંતે રૂ.૭ ઘટી રૂ.૧૦૮.૫૦ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૮૫ના ભાવે ખૂલી, રૂ.૧૧૧ વધી રૂ.૧,૨૯૫ થયો હતો, જ્યારે આભાર - નિહારીકા રવિયા ચાંદી-મિની નવેમ્બર રૂ.૬૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૦૩૭ના ભાવે ખૂલી, રૂ.૧૪૦.૫૦ વધી રૂ.૨,૦૪૮ થયો હતો. તાંબુ ઓક્ટોબર રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૭૭ ઘટી રૂ..૭૫ જસત ઓક્ટોબર રૂ.૨૨૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૬ વધી રૂ.૪.૪૯ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૫૫.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૮૮ અને નીચામાં રૂ.૧૫૨.૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૮.૪૦ વધી રૂ.૨૬૭.૬૦ થયો હતો.

# ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનની ૨૪૯મી બેઠકનો અહેવાલ : દેવિકા ધ્રુવ









ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનની ૨૪૯મી બેઠક, ઑક્ટોબર ૧, ૨૦૨૩ ને રવિવારના રોજ "ઑસ્ટીન પાર્કવે'ના સભાગૃહમાં યોજવામાં આવી હતી. આ બેઠકમાં ભારતથી આવેલ સુવિખ્યાત કવિ ડૉ. વિનોદ જોશીને નિમંત્રણ આપવામાં આવ્યું હતું..

સૌથી પ્રથમ સાંજના ચાર ને દસ મિનિટે પ્રમુખ શ્રીમતી ભારતી મજમુદારે સૌનું સ્વાગત કર્યું, જરૂરી સૂચનાઓ અને માહિતી આપીને સંસ્થાનાં ઉપપ્રમુખ શ્રીમતી મીના પારેખને પ્રાર્થના માટે આમંત્રણ આપ્યું. મા શારદાની સુંદર પ્રાર્થના બાદ કાર્યક્રમના 'સ્પોન્સર્સ'દ્વારા આમંત્રિત કવિશ્રીનું દબદબાભેર સ્વાગત કરવામાં આવ્યું.ત્યારબાદ શ્રીમતી દેવિકા ધ્રુવે આજના મંચને કવિતાના તીર્થધામ તરીકે બિરદાવી "આજની ઘડી રળિયામણી" કહી પ્રારંભ કર્યો. તેમણે કાવ્યમય શૈલી થકી કવિ ડૉ.વિનોદ જોશીની જ લખેલ પંક્તિઓ દ્વારા કવિશ્રીની કલમનો સંક્ષિપ્તમાં પરિચય આપી સભાજનોને સવિશેષ માહિતગાર કર્યા. સંસ્થાના પ્રથમ ૧૫ વર્ષના ઈતિહાસની ઝલક દર્શાવતું પુસ્તક ભેટ ધર્યું. અને કવિનાં ગીતોની ઝલક દર્શાવવા માટે શ્રીમતી ભાવના દેસાઈને આમંત્રણ આપ્યું. તેમણે મધુર કંઠે " કચકડાંની ચૂડી રે, મારું કૂણું માખણ કાંડું, સૈયર શું કરીએ? સપનાનું સાંબેલું લઈને, ઉજાગરાને ખાંડું રે! સહિયર શું કરીએ?" અને

"સખી! મારો સાહ્યબો સૂતો ફળીયે ઢાળી ઢોલિયો,
હું તો મેડીએ ફાનસ ઓલવી, ખાલી પડખે પોઢી જાઉંપપએમ બે ગીતો ગાઈ સંભળાવ્યાં. વાતાવરણમાં કવિનાં ગીતોનો, લયનો અને શબ્દોનો રંગ રેલાવા માંડ્યો.

ગીતોની રમઝટ પછી પ્રમુખે સભાનો દોર ડો. શ્રી વિનોદ જોશીને સોંપ્યો. શરૂઆતમાં તેમણે શબ્દ સાથેનો પોતાનો નાતો, શબ્દનો મહિમા, નારીભાવની કવિતા વગેરે અંગે સ્પષ્ટતાભરી સમજૂતી આપી, સર્જનપ્રક્રિયા દર્શાવી અને નરસિંહ મહેતાનો ઉલ્લેખ પણ કર્યો. તે ઉપરાંત પોતાનું ગામ, બાળપણ, ગામમાં કરેલાં કામો, પારિવારિક વારસો વગેરે સંભારણાં રજૂ કરતા ગયા; તે સાથે જ સભામાં સાહિત્યિક રંગો ઘેરા થતા ગયા. તે પછી કવિતાઓની શરૂઆત કરતાં પહેલાં, પ્રથમ તેમની લાક્ષણિક ઢબે સરસ્વતીની પ્રાર્થના આરંભી કે "વીજળીયું વેડીને લેખણ કીધી, સરસ્વતી માતા! કાગળનો ખાલી ખૂણો આપજોપ ને પછી તો એક પછી એક કવિતાઓની રજૂઆત થતી ગઈ.

નારી સંવેદનાનાં જાણીતાં ગીતો ઉપરાંત નવા કાવ્યસંગ્રહ 'ખુલ્લી પાંખે પિંજરમાં'ની કેટલીક રચનાઓ પણ સંભળાવી. ખૂબ લોકપ્રિય થઈ ગયેલ ગીતો જેવાં કે, (૧) ખડકી ઉઘાડી હું તો અમથી ઊભી'તી (૨) તું મીઢળ જેવો કઠણ ને હું નમણી નાડીછડી (૩) તું શીલાલેખનો અક્ષર ને હું જળની બારાખડી (૪) પરપોટો ઊંચકીને કેડ વળી ગઈ, હવે દરિયો લાવું તો કેમ લાવું? અને (૫) ભારે ઉતાવળા.. વગેરે કવિતાઓને શ્રોતાજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.

કેટલાંક ગીતો ગાઈને રજૂ કર્યા અને કેટલાંક ગીતોનું પઠન કર્યું. વાતાવરણ કવિતામય બનતું જતું હતું.

કેટલાંક ગીતો ગાઈને રજૂ કર્યા અને કેટલાંક ગીતોનું પઠન કર્યું. વાતાવરણ કવિતામય બનતું જતું હતું. તે પછી સોનેટ,અછાંદસ અને દીર્ઘકાવ્યના રચયિતા આ કવિએ વળાંક લીધો અને થોડી જુદા ભાવની કવિતાઓ એના મર્મ સાથે પ્રસ્તુત કરી. જેમકે, 'ઝાડ એકલું અમથુંઅમથું જાગે' અને વાવાઝોડાનું વર્ણન કરતું, પૃથ્વી છંદમા રચેલું "ઈઝજી્છજીરૂ" 'ઝડાફ વીજ મેઘ ડમ્મર ડિબાંગમા સોંસરી, ખચાક ખચખચ્ ચીરી'પ જેવાં ગર્જનાત્મક શબ્દોયુક્ત કાવ્ય પણ સુપેરે સંભળાવ્યું.

ત્યારબાદ સભામાંથી અષ્ટનાયિકાનો પ્રસ્તાવ થયો અને કવિએ થોડી અષ્ટનાયિકા, જેવી કે, પ્રોષિતભર્તૃકા, અભિસારિકા, સ્વાધીનભર્તૃકા,ખંડિતા વગેરે વિશે વાત કરી અને તેમાંની એક 'કલહાંતરિતા'ની કવિતા 'મુજથી સહ્યું ન જાય, આમ નજરથી દૂર ન રાખે, આમ અડે નહીં ક્યાંય' રજૂ કરી. તે પછી વિનોદભાઈએ ખૂબ લોકપ્રિય બનેલ 'સૈરંધ્રી' વિશે સમજૂતી આપી કહ્યું કે, સ્વયંને છુપાવીને, પોતે એક રાણી હોવા છતાં, બીજા દેશની રાણીની દાસી બનીને રહેતી દ્રૌપદીની માનસિકતા, એની વિડંબના વિશેની એમાં વાત છે. આમ જુઓ તો માનવી પોતે જે કંઈ છે તેનાથી જગતને જુદો બતાવતો હોય છે. તો એ કાયમી અજ્ઞાતવાસ જ છે; એટલે કે, અંગત વિશ્વની વિડંબનાનું એ એક રૂપક છે! એમ જણાવી 'સૈરંધ્રી'નો એક અંશ વાંચી સંભળાવ્યો.

આમ કવિતાનાં જુદાંજુદાં પરિમાણોનું સુંદર આચમન થયું. જો કે, વચમાં એકવાર ફરીથી નારી સંવેદનાનાં કાવ્યો આવતાં જતાં હતાં! જેમ કે, એણે કાંટો કાઢીને મને દઈ દીધું ફૂલ', 'જો આ રીતે મળવાનું નહિ', ' મારા ઘરમાં તારો દીવો, તારા ઘરમાં મારો', 'મુંબઈ સમાચાર વાંચે મારો સાહ્યબો અને 'ઝુલ્ફમાં ભૂલી પડેલી આંગળી, તેં સાંભળ્યું' વગેરે. ત્યારબાદ છેલ્લે, 'આ માછલી તો આવે પણ માછલીની ભેળો આ દરિયો પણ આવે છે, એ દખ' કાવ્ય સંભળાવી તેમના ટૂંકા વક્તવ્ય સાથે સમાપન કર્યું. આમ, ભાવજગતમાં તલ્લીન થયેલ સૌ સભાજનોએ ઊભાં થઈ અવિરત તાળીઓની ગૂંજથી કવિ શ્રી વિનોદ જોશીનું સ્નેહપૂર્વક અભિવાદન કર્યું.

બેઠકને અંતે, દેવિકા ધ્રુવે કવિ માટે સન્માનપત્ર વાંચી સંભળાવ્યું અને સંસ્થાના આદ્યસ્થાપક શ્રી દીપકભાઈ ભટ્ટના હસ્તે કવિને સુપ્રત કર્યું, ભારતી મજમુદારે સૌનો આભાર માન્યો અને ખજાનચી શ્રી પ્રફુલ ગાંધીએ યથોચિત રીતે કવિને પુરસ્કૃત કર્યા.

છેલ્લે સ્વાદિષ્ટ ભોજન લઈ સૌ સાહિત્યરસિક ભાઈબહેનો છૂટાં પડ્યાં.

આ આખીયે બેઠક રસપ્રદ રહી, કવિતામય બની રહી. સુંદર આયોજન માટે સમિતિને અને અન્ય સૌ સહાયકો, દાતાઓ તેમજ ફોટો-વિડીયો લેનાર સૌને ખૂબ ખૂબ અભિનંદન.

અસ્તુ.
દેવિકા ધ્રુવ

# ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઇ.) દ્વારા "ગોકુલમ્ – ગૌ આધારિત અર્થવ્યવસ્થા લાઈવ વેબિનાર સિરીઝ"માં ૧૪ માં વેબીનારનું આયોજન

## ગોબર ના નેનો પાર્ટિકલ ના વેલ્યુએશન માં વધારો કરી ને એકગ્રામ ના ૧૦ ડોલર થી ૪૦ ડોલર વેલ્યુ પહોંચાડી



ભારત સરકાર ના પૂર્વ કેન્દ્રીય મંત્રી, રાષ્ટ્રીય કામધેનુ આયોગ ના પૂર્વ ચેરમેન, પૂર્વ સાંસદ ડૉ વલ્લભભાઈ કથીરિયા ના માર્ગદર્શન માં વિશ્વમાં પ્રથમ વખત ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઈ.) ગૌ સંવર્ધન પર આધારિત એક કાર્યક્રમ અને ગૌ આધારિત જીવન અને અર્થવ્યવસ્થાને સમર્પિત વ્યક્તિત્વ સાથેના સંવાદોની શ્રેણી તરીકે લાઈવ વેબિનાર 'ગોકુલમ - ગૌ આધારિત અર્થવ્યવસ્થા સિરીઝ'નું આયોજન થયું છે. આ વેબિનાર સિરીઝ ગૌ સંવર્ધન, ગૌ રક્ષણ , ગૌ આધારિત અર્થવ્યવસ્થા ના પુનઃનિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ મહત્ત્વપૂર્ણ વેબિનાર હેઠળ, ગૌ સંવર્ધન અને ગૌ આધારિત જીવન અને અર્થવ્યવસ્થા પર નિષ્ણાંત, રાષ્ટ્રીય, આંતર રાષ્ટ્રીય વક્તાઓ માર્ગદર્શન આપે છે.ગોકુલમ – ૧૪ માં ડૉ સત્ય પ્રકાશ વર્મા કે જેઓ અમહિર પેઈન્ટ્સ ના ફાઈન્ડર છે, નેનો વેલ્થ માં અને માર્કેટિંગ મેનેજમેન્ટ માં જેમણે રદ્ઘ કર્યુ છે, અને ૧૭ વર્ષનો બાયોવેસ્ટ માં નેનો ટેકનોલોજી કાર્ય નો અનુભવ છે. તથા એમણે ગોબર ની વેલ્યુ માં ૧૦ ડોલર થી ૪૦ ડોલર જેટલી વેલ્યુ પહોંચાડી છે. જે ગોબર ના નેનો પાર્ટિકલ નો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેના પર માર્ગદર્શન આપશે.આ વેબિનાર ૭ ઓકટોબર, શનિવારનાં રોજ સવારે ૧૧ કલાકે ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઈ.)નાં ફેસબુક પેઈજ 'ઓફીશીયલ જી.સી.સી.આઈ' તેમજ યુ ટ્યુબ ચેનલ 'ગ્લોબલ કાઉ ફેડરેશન' પર લાઈવ કરવામાં આવશે.

વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯), પુરીશ કુમાર (મો.૮૮૫૩૫૮૪૭૧૫), અમિતાભ ભટનાગર (મો.૮૦૭૪૨૩૮૦૧૭) નો સંપર્ક કરવા યાદી માં જણાવ્યું છે.

# પ્રાણીઓની ચરબી નો પાવડર ઘી મા ભેળવી પ્રસાદ રૂપી મોહનથાળ વેચાયો.?




અંબાજી મંદિર દેશ વિદેશોમાં રહેતા કરોડો લોકોની ૫૧ શક્તિપીઠ માની આસ્થાનું એક પ્રતીક એટલે માં ભગવતી મા અંબા. જ્યારથી શાસક સરકારે આ મંદિરનો વહીવટ સંભાળ્યો છે ત્યારથી ક્યાં સોનું ચોરવાના બનાવો, હિસાબી ગોટાળા..સરકારી પગાર ચૂકવવા અંબાજી મંદિર માંથી ઓવરડ્રાફ્ટ થાય...આવક કરતાં ધર્મ સ્થાનો સરકારી હસ્તક કરીને જાણે ધર્મસ્થાનો ને રાજકીય અને ભ્રષ્ટાચારી અખાડા બનાવ્યા હોય તેવું આ ભાજપ ની કહેવાતી હિન્દુ સરકાર ના શાશન માં જોવા મળે છે પછી જૂનાગઢ હોય કે અંબાજી...ક્યાંય પારદર્શિતા નહિ..ખુલ્લો આંખે દેખી શકાય તેવો ભ્રષ્ટાચાર જોવા મળે અને સ્થાનિક ભાજપ ના ભકતો બધું મુંગે મોયે રાજકીય સ્વાર્થ ખાતર સરકારી સાથ આપી ધર્મ ના પાપ માથે ચઢાવે..

થોડાક સમય પહેલા અંબાજી મંદિરમાં વર્ષોથી જ્યારે ટ્રસ્ટનું વહીવટ હતો ત્યારથી મોહનથાળ નો પ્રસાદ વહેંચાતો તેવામાં રાજકીય મંત્રીના શાળાનો વેપાર ચલાવવા માટે ચીકીનો પ્રસાદ એ સમગ્ર ધર્મસ્થાનોમાં શરૂ કરવાનો તેતરો શાસક સરકારે રચ્યો અને ખૂબ મોટા પાયે હોવાપો થયો અને ખુદ જ્યારે ગુજરાતના વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણીએ જ્યારે કહ્યું સરકારને કે આ તમારા બાપની પેઢી નથી ત્યારે તેમની શાન ઠેકાણે આવી અને મોહનથાળનો પ્રસાદ જે બંધ કરી દીધો હતો તે પાછો ફરીથી ચાલુ કર્યો. આવો મોહનથાળ નો માતાજીનો પ્રસાદ બંધ કરવાનું કૃત્ય આ શાસક સરકાર કરી ચૂકી હતી..હજુ પણ કૌભાંડીઓને મેલી મુરાદ પૂરી નહી થઈ હોય એટલે ફરીથી પાછા માતાજીના પ્રસાદ મોહનથાળમાં એક કિલો ની અંદર ૫૦૦ ષ્લ્દ્ધ પ્રાણીઓની ચરબી નો પાવડર તેમજ ૩૦૦ ગ્રામ રિફાઈન્ડ અને ૨૦૦ ગ્રામ ચોખ્ખું ઘી તેમજ સુગંધી એસેન્સ એમ કરીને એક કિલો ઘી ટ્રાન્સપોર્ટેશન સાથે ૨૫૦ થી ૩૦૦ રૂપિયામાં પડે તેવું કૌભાંડ કરીને માતાજીના પ્રસાદને નોનવેજ બનાવીને વેચવામાં આવ્યો અને આ કૃત્ય જ્યારે ફૂડ એન્ડ ડ્રગ્સ ના લાયસન્સમાં પકડાઈ ગયું ત્યારે અત્યારે આખે આખી સરકાર ચૂપ થઈને મૌન ધારણ કરીને બેઠી છે જે છાશવારે નાના મોટા કાર્યક્રમોમાં પણ રસ્તા ઉપર આવીને ભગવા પહેરીને દોડમ દોડ કરતી હોય અને રોડ શો કરતી હોય એ આજે મૂંગા મોહે છેલ્લા ત્રણ દિવસથી આ કૌભાંડના સમાચારો બસ અખબારમાં અને મીડિયામાં જોયા કરે છે પણ મોંમાંથી મગનું નામ મરી પાડતા નથી. એક બાજુ મોહિની કેટરર્સ ના મેનેજર એમ કહે છે કે હજુ અમે તપાસ કરી રહ્યા છીએ કે આ ઘીનો જથ્થો ક્યાંથી આવ્યો કેમકે અમને આ કૌભાંડમાં ભરાવવાની કોશિશ થઈ રહી હોય તેવું અમને લાગે છે તો બીજી તરફ બનાસકાંઠાના નોન ગુજરાતી કલેકટર એવું કહી રહ્યા છે કે સમગ્ર એજન્સીઓ નો સપ્લાય હતો પરંતુ તેની ઉપર મોનિટરિંગ તે અમારા તંત્રનું હતું.. સુવા કલેક્ટરશ્રીની કબુલાત એ સાબિત નથી કરતો કે આ સરકારની ગંભીર મોનિટરિંગ કરવાની ભૂલના કારણે આ કૌભાંડ થયું અને લાખો શ્રદ્ધાળુએ નોનવેજ મોહનથાળનો પ્રસાદ લીધો.. આ મોહિની કેટરર્સ નો દિલ્હી ગુજરાત ભવન ની અંદર પણ કેટરર્સ નો કોન્ટ્રાક્ટ ચાલે છે. સરકારની અંદર કોન્ટ્રાક્ટરો આ રાજકીય ખભાઓનો ઉપયોગ કરીને કેટલાય વર્ષથી ગુજરાતમાં બનેલા નબળી કામગીરીના આ પુલો તેમજ અનેક રોડ રસ્તા ના કોન્ટ્રાક્ટમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરી રહ્યા છે પણ આ સરકાર ગમે તેમ કરીને ઘીના ઠામમાંથી ઠારીને બધું શાંત પાડીને પ્રજાને મૂર્ખ બનાવી રહી હોય તેવું હવે ચોખ્ખું દેખાઈ રહ્યું છે.(શું પ્રદેશ પ્રમુખ પાટીલ,મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કે ચીકી કોન્ટ્રાક્ટ વાળા ના બનેવી આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ આ બાબતે કોઈ ચોખવટ કરવા પ્રેસ બોલાવશે કે પછી ડેમેજ કંટ્રોલ કર્યા પછી પ્રેસ કરશે?શું સરકારે મુક બનીને ગુનો કબૂલ કર્યો એટલે રાતોરાત ટેન્ડર પ્રક્રિયા કર્યા વગર ×ભુવો ધુણે પણ નારિયેળ તો ઘર ભણી ફેંક્યું× ઈસ્કોન ગ્રુપ ની કંપની ને મોહનથાળ બનાવવા કોન્ટ્રાક્ટ સરકાર ની ઈજ્જત બચાવવા આપી દિધો અને માધુપુરા ના નીલકંઠ ટ્રેડર્સ માં જ્યાંથી ઘી નો જથ્થો આવ્યો હતો ત્યાં રેડ પાડી કાર્યવાહી કરી....



-: શ્રી શૈલેષભાઈજી (પાટણ વાળા) નું ભાગવત જ્ઞાનામૃત, નૈમિષારણ્ય :- પ્રથમ દિવસ

## આહવા તાલુકા ''સરપંચ એસોસિએશન'' ના પ્રમુખ તરીકે નરેશભાઈ ભોયેની સર્વાનુમતે વરણી'' ઘોઘલી ગામ નું નામ રોશન કરવામાં સફળ

આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરીના નેજા હેઠળ આહવા તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખની વરણી કરવામાં આવી. જેમાં અગાઉ તાલુકામાં સમાવિષ્ટ કુલ ૨૭ ગ્રામ પંચાયતો પૈકી વિભાજન થયેલી પંચાયતોને બાદ કરતા કુલ ૧૪ સરપંચોમાંથી સર્વાનુમતે ઘોઘલી ગૃપ ગ્રામ પંચાયતના યુવા અને શિક્ષીત સરપંચ નરેશભાઈ ગમજભાઈ ભોયેની વરણી કરવામાં આવી. યુવા વર્ગમાં લોકપ્રિય અને વહીવટી કામગીરીમાં નિપુણ તથા તમામ સરપંચોસાથેસંકલન અનેસહકારની ભાવના સાથે કામ કરનારા



નરેશભાઈ ભોયેને એસોસિએશનના પ્રમુખની જવાબદારી સોંપવમાં આવી. જેમાં ઉપપ્રમુખ તરીકે ગાઢવી ગ્રામ પંચાયતના સરપંચ ગૌતમભાઈ ગાંગુર્ડે, મંત્રી તરીકે આહવા ગ્રામ પંચાયતના સરપંચ હરિચંદભાઈ ભોયે તથા સહમંત્રી તરીકે દિવાનટેમ્બ્રુન ગ્રામ પંચાયતના સરપંચ પ્રભુભાઈ ચૌધરીની સર્વનામુતે પસંદગી કરવામાં આવી. તમામ નવનિયુક્ત હોદ્દેદારોને આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરી દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી અને સ્થાનિક સ્વરાજના મૂળભુત પાયો ગણાતી ગ્રામ પંચાયતનો વહીવટ પ્રજાના કામ અને ગામોના વિકાસ માટે કરવા આહવાન કરવામાં આવ્યું. નવનિયુક્ત પ્રમુખ નરેશ ભોયેએ સરપંચોએ આપેલી જવાબદારી બદલ તમામ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી આગામી દિવસોમાં એસોસિએશન લક્ષી તેમજ પ્રજા લક્ષી કામો કરવાનું નક્કી કરેલ છે.

## રોટરી કલબ દ્વારા રોટરી ઉત્સવ

રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટ દ્વારા સાત ઑક્ટોબર, શનિવારે રાતે ૭.૩૦ વાગ્યાથી મલાડ વેસ્ટ ના અસ્પી ઓડિટોરિયમ ખાતે આયોજિત રોટરી ઉત્સવ માં ભગવાન કૃષ્ણ પર આધારિત સંગીત કાર્યક્રમ રખાયો છે. લેખિકા કાજલ ઓઝા, સંગીત પ્રહર વોરા, નિર્માણ હેમલ ઠક્કર, દિગ્દર્શન કેદાર ભગતનું રહેશે. વધુ વિગત માટે રોટરી ક્લબ નાં પ્રમુખ પ્રીતિકા સામાણી, સેક્રેટરી વિપુલ ગગલાણી, ફંડ રેઝિંગ ચેરમેન ભરત ધ્રુવ, અન્ય હોદ્દેદારો, સભ્યોનો સંપર્ક કરવો. રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટની વિવિધ ક્ષેત્રમાંની સેવાના ૨૧ વર્ષની ઉજવણી કરવા આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

## હર્ષદ સલ્લાને ઈન્ટરનેશનલ યોગમાં ત્રણ ચંદ્રક

હર્ષદ જે. સલ્લાને થાઈલેન્ડના બેંગકોક ખાતે યોજાયેલી ઈન્ટરનેશનલ યોગ ચેમ્પિયનશિપમાં ૫૯ ઉંમરના ગ્રૂપમાં ત્રણ રજતચંદ્રક મળ્યા હતા. અગાઉ દેહરાદૂન ખાતે યોજાયેલી નેશનલ લેવલની યોગ ચેમ્પિયનશિપમાં તેમણે મહારાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કર્યું



હતું અને સિલ્વર મેડલ મેળવ્યો હતો. હર્ષદ સલ્લા ફિલિપિનો માર્શલ આર્ટ, અક્રિમા કાલી એરનિસ, સિકરાન ફૂટ ફાઈટિંગ, બોક્સિંગ, કિક બોક્સિંગ, યોગ અભ્યાસ, મેડિટેશન, મેરેથોન, જાપાનની શોર્ટ સ્વોર્ડ વગેરે માં દેશના અગ્રણી ટ્રેનર ગણાય છે. વધુ માહિતી માટે સંપર્ક૯૮૨૧૧૮૯૬૫૨.

## લ્યો બોલો... સેઢાલ ગામના તત્કાલીન સરપંચ દ્વારા લાભાર્થીને પરવાનગી મળ્યા વગર જ બાંધકામની મંજૂરી આપી દેવાઈ.




સરપંચો જાણે કોઈનો ડર જ ના હોય તેમ હોદ્દા પર આવી ખોટું કરવા કેટલાક સરપંચો ટેવાયેલા હોય છે ત્યારે તો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે કે ચાણસ્મા તાલુકાના સેઢાલ ગામે અરજદાર દ્વારા સ્વાગત ફરિયાદમાં અરજી કરવામાં આવતાં તાલુકા વિકાસ અધિકારીશ્રી એ આ બાબતે ઊંડાણપૂર્વક તપાસ કરતાં તત્કાલીન સરપંચશ્રી દ્વારા ખોટી રીતે બાંધકામ પરમિશન આપેલ હોવાનું ધ્યાનમાં આવતાં ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા સુઓમોટો દાખલ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકાર દ્વારા ઝુંપડપટ્ટીમાં રહેતા તેમજ ગરીબી રેખા હેઠળ જીવતા લાભાર્થીઓને મફત પ્લોટ તેમજ મકાન બનાવી આપવામાં આવે છે. ત્યારે ચાણસ્મા તાલુકાના સેઢાલ ગામે રહેતા લાભાર્થી ચમાર કિરણભાઇ કરશનભાઈ રહે.સેઢાલ વાળા ને તત્કાલીન સરપંચ દ્વારા તારીખ ૧૭/૬/૨૦૨૧ આપવામાં આવી હતી તેમજ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માં આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન મંજૂર કરવામાં આવ્યું હતું. જેમાં પહેલો હપ્તો પણ ૪૦,૦૦૦ નો મળવા પામ્યો હતો?.ત્યારે બની રહેલ મકાન સરકારી જમીનમાં હોવાનું તેમજ આ જગ્યા પર બાંધકામ માટે ની પરવાનગી ન હોવાનુ ગામનાં જ અરજદાર ઠાકોર રણછોડજી કરશનજી રહે. સેઢાલ વાળા દ્વારા કરવામાં આવતાં તાલુકા વિકાસ અધિકારીશ્રી લક્ષ્મીબેન ઠાકોર દ્વારા તપાસ હાથ ધરી હતી. ત્યારે કરાયેલ અરજ યોગ્ય લાગતા તાલુકા વિકાસ અધિકારીશ્રી લક્ષ્મીબેન ઠાકોર દ્વારા લાભાર્થી ચમાર કિરણભાઇ કરશનભાઈ તેમજ તત્કાલીન સરપંચ તથા તલાટી સેઢાલ ગ્રામપંચાયત વાળા સામે સુઓમોટો દાખલ કરવામાં આવી હતી.

**રિપોર્ટર નિખિલ જોષી પાટણ બ્યુરો**



ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ગોકુળપુરા (સેક્ટર ૧૪), કુબેરનગર (વાવોલ) તેમજ સેક્ટર ૧૩ છાપરાની સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ દ્વારા મેયરશ્રી હિતેશભાઈ મકવાણાને વિવિધ રજુઆત કરવામાં આવી હતી. જે ધ્યાને લઈને મેયરશ્રીએ કમિશનરશ્રી જે.એન.વાઘેલા અને અધિકારીઓને સાથે રાખીને સ્થાનિક લોકોના રોડ- રસ્તા, ગટર, પાણી, દબાણ સહિતના વિવિધ પ્રશ્નોની રજૂઆત સાંભળી હતી. મેયરશ્રીએ આ તમામ રજૂઆતોનું તાત્કાલિક નિવારણ લાવવા અધિકારીઓ - કર્મચારીઓને સૂચના આપી તેમજ મેયરશ્રી એ જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગરપાલિકા વિકાસલક્ષી કાર્યોની સાથે સુવિધાઓ અને સુખાકારી પુરી પાડવા કટિબદ્ધ છે.

## સંત રાજીન્દર સિંહજી મહારાજ નો અમદાવાદમાં બે દિવસીય સત્સંગ પ્રવચન તથા આધ્યાત્મિક દીક્ષાનો કાર્યક્રમ




સાવન કૃપાલ રૂહાની મિશનના પ્રમુખ તથા વિશ્વવિખ્યાત આધ્યાત્મિક સદ્ગુરુ સંત રાજીન્દર સિંહજી મહારાજ ૧૦ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ અમદાવાદમાં સત્સંગ પ્રવચન હેતુ પધારી રહ્યા છે. તેઓ અમદાવાદમાં બે દિવસ સત્સંગ કરશે. જેનું આયોજન સાવન કૃપાલ રુહાની મિશનની અમદાવાદ શાખા દ્વારા કરવામાં આવી રહ્યું છે. સત્સંગના આ કાર્યક્રમમાં ફક્ત અમદાવાદથી જ નહીં પરંતુ ભારતના વિભિન્ન રાજયમાંથી હજારો લોકો તદ્દુપરાંત વિદેશોથી પણ આવેલા ભાઈ બહેન ભાગ લઈ રહ્યા છે. સંત રાજીન્દર સિંહજી મહારાજ નો સત્સંગનો કાર્યક્રમ ૧૦- ૧૧ ઓકટોબર ૨૦૨૩ ના રોજ અમદાવાદમાં અટલ બ્રિજની પાસે તથા ટાગોર હોલ ની પાછળ સ્થિત રીવર ફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર પાલડીમાં સાંજે છ વાગે આયોજિત કરવામાં આવશે. ૧૦ ઓકટોબર ની બપોરે ત્રણ વાગે સંત રાજીન્દર સિંહજી મહારાજ આ જગ્યા ઉપર ઉપસ્થિત જનસમૂહને વ્યક્તિગત રૂપથી મુલાકાત કરશે.

૧૧ ઓક્ટોબર ના રોજ સત્સંગ ઉપરાંત આ જ જગ્યા ઉપર રાત્રે ૮:૦૦ વાગે પ્રભુ પ્રાપ્તિના જિજ્ઞાસુઓ માટે નામદાન(આધ્યાત્મિક દીક્ષા) નો કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે. જેમાં સંત રાજીન્દર સિંહજી મહારાજ જિજ્ઞાસુઓને પ્રભુની જ્યોતિ અને શ્રુતિ નો નીજ અનુભવ પ્રદાન કરશે. અમદાવાદમાં બે દિવસ સુધી ચાલવા વાળા આ સત્સંગ તથા નામદાનના કાર્યક્રમમાં આપ સર્વે સાદર આમંત્રિત છો.

સંત રાજીન્દર સિંહજી મહારાજ આજે વિશ્વભરમાં અનેક યાત્રાઓ કરીને લાખો લોકોને ધ્યાન અભ્યાસની વિધિ શીખવી રહ્યા છે જેથી કરીને આપણે પોતાના મનુષ્ય જીવનનો ધ્યેય પોતાની જાતને ઓળખવું અને પિતા પરમેશ્વરમાં લીન થવું તેને આ જ જીવનમાં પૂરો કરી શકીએ છીએ. સંત રાજીન્દર સિંહજી મહારાજ સંપૂર્ણ વિશ્વમાં ધ્યાન અભ્યાસ દ્વારા પ્રેમ એકતા તથા શાંતિનો સંદેશ પ્રસારિત કરી રહ્યા છે જેના ફળ સ્વરૂપે તેમને વિભિન્ન દેશો દ્વારા અનેક શાંતી પુરસ્કારો તથા સન્માનોની સાથે સાથે પાંચ ડોક્ટરેટની પદવીઓથી પણ સન્માનિત કરવામાં આવી ચૂક્યા છે. સાવન કૃપાલ રૂહાની મિશનના સંપૂર્ણ વિશ્વમાં ૩૨૦૦ થી પણ વધુ કેન્દ્ર સ્થાપિત છે. તથા મિશનનું સાહિત્ય વિશ્વની ૫૫ થી પણ વધુ ભાષાઓમાં પ્રકાશિત થઈ ચૂક્યું છે. આનું મુખ્યાલય વિજયનગર દિલ્હીમાં છે તથા આંતરરાષ્ટ્રીય મુખ્યાલય નેપર વિલે, અમેરિકામાં સ્થિત છે.

## રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશિર્વાદથી 'અર્હમ યુવા સેવા ગ્રુપ'નાં સથવારે 'એનિમલ હેલ્પલાઈન, રાજકોટ' દ્વારા શરુ કરાયું વધુ એક નિઃશુલ્ક પશુ, પક્ષી સારવાર દવાખાનું

રાજકોટમાં છેલ્લા ૧૯ વર્ષથી એનીમલ હેલ્પલાઇન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાના મોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. છેલ્લા ૧૯ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ–પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય','એનિમલ હેલ્પલાઇન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે. અત્યાર સુધીમાં ૯ લાખ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ, વિનામૂલ્યે,નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા, ૧૧ (અગિયાર) એમ્બ્યુલન્સ તેમજ ત્રણ બાઈક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. દર માસે લગભગ ૧૦૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા, સ્થળ પર જ, વિના મૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન–સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશકત, અકસ્માતથી ઘવાયેલ પશુ–પક્ષીઓને ગૌશાળા/પાંજરાપોળ/ સંસ્થાની જ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલમાં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. 'જીવદયા રથ' દ્વારા દરરોજ પશુ, પક્ષીઓ તેમજ કીડી, ખિસકોલી જેવા પશુઓ સહિતનાં પશુઓની ભોજન વ્યવસ્થા કરવામાં આવે છે. રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશિર્વાદથી 'અર્હમ યુવા સેવા ગ્રુપ' અને 'કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન – રાજકોટ'નાં સથવારે નિઃશુલ્ક પશુ, પક્ષી સારવાર દવાખાનું શરુ કરવામાં આવ્યું છે. આ દવાખાનું શહેરનાં હાર્દ સમા વિસ્તાર તિરુપતિ નગર ૧, હનુમાન મઢી ચોક પાસે આવેલ છે. દવાખાનામાં તમામ પશુ પક્ષીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આ દવાખાનામાં ૧૮૬૪ જેટલા પશુઓની સારવાર અને ૧૦૪ મેજર ઓપરેશન થયેલા છે. પશુ દવાખાનાનો સમય સવારે ૯ થી ૧ અને સાંજે ૪ થી ૮ છે. (રવિવાર સિવાય) આ અંગે વધુ માહિતી માટે તેમજ નિઃશુલ્ક પશુ, પક્ષી સારવારની જાણકારી લેવા, નિઃશુલ્ક પશુ, પક્ષી સારવાર કરાવવા માટે મો. ૭૫૬૭૦૭૫૬૮૦ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.